# નમાઝની એહમીયત તથા તેની ફઝીલત

નમાઝ તે ઈબાદત છે જે ઈન્સાનને બુરાઈઓથી રોકે છે. કુરઆને મજીદમાં પરવરદિગારે આલમે ઘણી બધી જગ્યાએ નમાઝનો ઝિક્ર કર્યો છે જેમાંથી અમુક અહીં વર્ણવીએ છીએ:

“અને નમાઝ કાયમ કરો તથા ઝકાત આપતા રહો અને રૂકૂઅ કરનારાઓ સાથે રૂકૂઅ કરો.”

(સૂરએ બકરહ, આ. ૪૩)

“અય ઈમાન લાવનારાઓ! સબ્ર અને નમાઝ વડે મારી મદદ માંગતા રહો, કારણકે અલ્લાહ સબ્ર કરનારાઓની સાથે જ છે.” (સૂરએ બકરહ, આ. ૧૫૩)

“તમામ નમાઝોની હિફાઝત કરો ખાસ કરીને વચલી નમાઝની, અને અલ્લાહની હજૂરમાં ખુઝુઓ ખુશુઅ સાથે ઊભા રહો.” (સૂરએ બકરહ, આ. ૨૩૮)

### * હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની નમાઝ બાબતે વસિયત:

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) અબુઝરને વસિયત કરતા ફરમાવે છે, “અય અબુઝર! અલ્લાહે મારી આંખની રોશની નમાઝમાં ઠેરવી છે. મને એની એવી તલબ રહે

છે. ખરૂં પૂછો તો ભૂખ્યો ખાઇને ધરાઇ જાય છે અને તેની ભૂખ ભાંગે છે. પ્યાસો પાણી પીને ધરાઇ જાય છે અને તેની પ્યાસ મટી જાય છે પણ હું કદી નમાઝથી ધરાતો નથી. મને એની હરહંમેશ તલબ રહે છે. અય અબુઝર! તમે જેટલી વાર સુધી નમાઝમાં ઉભા રહો છો એટલી વાર સુધી ખુદાવંદે જબ્બાર અને બાદશાહના ફઝલ અને રહેમતનું બારણું ખખડાવો છો અને જે રાજદરબારનું બારણું વારંવાર ખખડાવતો રહે છે બેશક તેની ઉપર રહેમત અને ફઝલના દરવાજા ખોલી દેવામાં આવે છે. અય અબુઝર! અગર કોઇ માણસ વાજિબ નમાઝો ઉપરાંત ૧૨ રકાત નમાઝ પઢી લે તો ખુદા પર લાઝિમ છે કે તેને જન્નતમાં ઘર અતા ફરમાવે.''

*** હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની નમાઝ બાબતે અહાદીસઃ**

૧) જે માણસ નમાઝને હલકી અને મામૂલી સમજે તે મારામાંથી નથી અને ખુદાની કસમ તે હૌઝે કૌસર ઉપર મારી પાસે આવી શકશે નહીં.

૨) જે માણસ નમાઝ પઢવામાં બેપરવાહીથી કામ લે છે, ખુદા તેને કેટલીક બલાઓમાં ફસાવે છે.

૩) તેની ઉમ્ર અને રોઝીમાંથી બરકત ચાલી જાય છે.

૪) નેકીની નિશાનીઓ તેમનાથી દૂર થઇ જાય છે.

૫) સારો અમલ કરશે તો પણ સવાબથી તે વંચિત રહેશે.

૬) તેની દુઆ આસમાન સુધી પહોંચશે નહીં.

૭) નેક લોકોની દુઆમાંથી તેને કશો ભાગ આપવામાં આવશે નહીં.

૮) દુનિયામાંથી તે ભૂખ્યો, તરસ્યો અને રૂસ્વાઇની હાલતમાં જશે.

૯) તેની કબ્ર અંધારી અને સાંકડી હશે.

૧૦) કયામતમાં ફરિશ્તો તેને ઢસડતો લઇ જશે, જેથી તેની રૂસ્વાઇ થાય.

૧૧) તેની પાસેથી સખ્તીથી હિસાબ લેવામાં આવશે.

૧૨) ખુદા તેની પર રહેમતની નજર કરશે નહીં.

૧૩) તેના ગુનાહ માફ થશે નહીં.

૧૪) તેના માટે દર્દનાક અઝાબ થશે.

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે પરવરદિગાર આપણને નમાઝગુઝારોમાં શુમાર કરે તેમજ આપણી નમાઝોને કબૂલ કરે અને કાએમે આલે મોહમ્મદ(અ.સ.)ના ઝહુરમાં તાઅજીલ ફરમાવે. ઈલાહી આમીન.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઇટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com